પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૮ | ૮ મે, ૨૦૧૮, મંગળવાર ; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કઠુઆ કેસની પંજાબમાં સુનવણી**

બહુચર્ચીત કઠુઆ કેસની સુનવણી પંજાબના પઠાણ કોટમાં થશે. સુપ્રિમ કોર્ટે સોમવારે આ મામલે સુનવણી કરી કેસને પઠાણકોટ ટ્રાન્સફર કરી દીધો છે.

**જયલલિતાનુ સ્મારક ચેન્નાઈમાં બનશે**

તમિલનાડુના મુખ્યમંત્રી કે. પલાની સ્વામી તથા ઉપ મુખ્યમંત્રીઓ પનીરસેલ્વમે સ્વ. જયલલિતાના સ્મારક મંડપમનો શિલાન્યાસ કર્યો હતો. ચેન્નાઈના મરીના બીચ પર આ સ્મારક બનશે.

**૧૫ રાજ્યોમાં તોફાનની ચેતવણી**

દેશના ઓછામાં ઓછા ૧૩ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંધી-તોફાન, ભારે વરસાદ અને કરાં પડવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગૃહમંત્રાલયે આ બાબતે ચેતવણી જાહેર કરી છે.

**પુતિન સતત ચોથીવાર રશિયાના પ્રમુખ**

વ્લાદિમિર પુતિને ચોથી વખત છ વર્ષના કાર્યકાળ માટે રશિયાના પ્રમુખ તરીકે શપથ લીધા છે. તેઓએ ૭૦ ટકા વોટ સાથે જીત મેળવી હતી.

**ક્રુડ ઓઈલના ભાવોમાં ઉછાળો**

૨૦૧૪માં થયેલી સામાન્ય ચૂંટણીઓ બાદ પ્રથમવાર ક્રુડ ઓઈલની કિંમત ઉચ્ચત્તમસ્તર પર પહોંચી ગઈ છે. ઓઈલની કિંમત ૭૦ ડોલરની પાર પહોંચી ગઈ છે.

# શાપરમાં આગથી ત્રણ કરોડની મગફળી ખાખ

**રાજકોટના શાપરમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીના ગોડાઉનમાં ભીષણ આગ : ૪૩ હજારથી વધુ મગફળીની બોરીઓ બળીને ખાખ થઈ ગઈ છે, જ્યારે ૨૫થી ૩૦ હજાર બોરીઓ બચાવી લેવામાં આવી : ષડ્યંત્ર કે ગેરરિતી**



રાજકોટ,તા.૭

ગઈકાલે મોડી રાતે રાજકોટના શાપર વેરાવળમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. જો કે ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવવામાં આવ્યો છે. શાપર વેરાવળમાં નેશનલ કોટન ઈન્ડસ્ટ્રીઝમાં નાફેડ દ્વારા ખરીદી કરાયેલા મગફળીના ગોડાઉનમાં ભીષણ આગ ભભૂકી ઉઠતા કલેક્ટર, એસપી સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. અને આગ ઉપર કાબૂ મેળવવા રાજકોટ, ગોંડલ અને જેતપુરથી આઠ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ સાથે જ ત્રણ જેસીબીની પણ મદદ લેવામાં આવી હતી. આગ લાગી ત્યારે ચોકીદાર પણ હાજર ન હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

### આ દુર્ઘટના નથી પણ ષડયંત્ર છે : કોંગ્રેસ

અમદાવાદ,તા.૭

રાજકોટના શાપર વેરાવળમાં મગફળીના ગોડાઉનમાં લાગેલી આગ પર કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા મનિષ દોશીએ આરોપ લગાવ્યો છે કે આગ લગાવવામાં આવી છે. આ દુર્ઘટના નથી પણ ષડયંત્ર છે. કોંગ્રેસે આગની સીબીઆઈ પાસે તપાસની માંગ કરી છે.

## કર્ણાટકમાં કોઈપણ પક્ષને બહુમતિ નહીં મળે : સર્વે

**નવેસરના પોલ મુજબ કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી : સિદ્ધારમૈયાના માસ્ટરસ્ટ્રોકની અસરો દેખાઈ રહી નથી : લિંગાયત વોટ ભાજપની તરફેણમાં જઈ રહ્યા છે**



બેંગ્લોર,તા.૭

કર્ણાટક ચૂંટણીમાં જંગને લઈને ભાજપ કોંગ્રેસ વ્યસ્ત છે. બાજી કોના હાથમાં લાગશે તેને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ રહી નથી પરંતુ નવેસરના ઓપિનિયન પોલની વાત કરવામાં આવે તો કર્ણાટકમાં કોઈપણ પાર્ટીને બહુમતિ મળશે નહીં. લોકનીતિ-સીએસડીએસ તથા એબીપી ન્યુઝના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, કર્ણાટકમાં સત્તારુઢ કોંગ્રેસ પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવશે. સર્વેમાં ભાજપ માટે રાહત આપવાની બાબત એ છે કે, કોંગ્રેસના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનો માસ્ટરસ્ટોક બિનઅસરકારક રહ્યો છે. લિંગાયત વોટ ભાજપની તરફેણમાં જઈ રહ્યા છે. પોલ મુજબ કોંગ્રેસ પાર્ટીને ૯૭ સીટો અને ભાજપને ૮૪ સીટો મળશે. જેડીએસને ૩૭ સીટો મળશે. અન્યના ખાતામાં ચાર સીટો જશે. સર્વેમાં સામેલ થયેલા લોકોના

● અનુસંધાન પાન-૭ પર

# મોદી સરકારે જનતાની કમર તોડી નાંખી : મનમોહનસિંહ

**આજે આપણો દેશ ખૂબ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યો છે, વડાપ્રધાન દાવોસમાં નીરવ મોદીની સાથે હતા : પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પીએનબી કૌભાંડ, જીએસટી મુદ્દે મોદીની આકરી ટીકા કરી**



બેંગ્લોર, તા. ૭

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં રાહુલ ગાંધી બાદ હવે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ ચૂંટણી મેદાનમાં ઉતરી ગયા છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નરેન્દ્ર મોદી ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા. મનમોહનસિંહે કહ્યું હતું કે, મોદી જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે તેવી ભાષાનો ઉપયોગ અન્ય કોઈપણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું હતું કે, એક વડાપ્રધાનને આ પ્રકારની ભાષા શોભતી નથી. મોદી સતત સ્તરને ઘટાડી રહ્યા છે જે દેશ માટે સારી બાબત નથી. પીએનબીને ચૂનો

● અનુસંધાન પાન-૭ પર




